પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૦૯, કુલ પાના:૪, તારીખ: ૩૦-૧૨-૨૦૨૦ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 109 PRICE :-RS. 1.50 DATE : 30-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### UKથી પાછા ફરેલા ૬ લોકોમાં નવા સ્ટ્રેન મળ્યા, તમામને સીંગલ આઈસોલેશનમાં રખાયા

## દેશમાં નવા કોરોના વાયરસ સ્ટ્રેનની એન્ટ્રી: ૬ કેસ મળતા ખળભળાટ

ન્યુ દિલ્હી,
નવા વર્ષના જશ્ન પહેલાં કોરોનાના મોરચા પર ચિંતાના સમાચાર સામે આવ્યા છે. ભારતમાં જેનો ડર હતો આખરે એ થઈ જ ગયું. જી હા ભારતમાં પણ યુકેવાળા કોરોના વાયરસના નવા સ્ટ્રેનની એન્ટ્રી થઈ ગઈ છે. ભારતમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનના કુલ ૬ કેસ મળ્યા છે. આજે ભારત સરકારની તરફથી આ વાતની માહિતી અપાઈ છે. યુકેથી પાછા આવેલા ૬ લોકોમાં આ નવા સ્ટ્રેન જોવા મળ્યા છે. તેમાંથી ૩ બેંગલુરૂ, ૨ હૈદ્રાબાદ અને એક પૂણેની લેબના સેમ્પલમાં નવા સ્ટ્રેન જોવા મળ્યા.



યુકેથી આવેલા લોકોના જીનોમ સ્કિવેંસિંગ કરાયા હતા, તેનો રિપોર્ટ મંગળવારે રજૂ કરાયો. જેમાં અલગ-અલગ લેબમાં ટેસ્ટ કરાયેલા સેક્શન અંગે જણાવ્યું. આ તમામ લોકોને સિંગલ આઈસોલેશન રૂમમાં રખાયા છે. તેમના સંપર્કમાં આવનારા નજીકના લોકોને પણ ક્વારેન્ટાઈન કરી દેવાયા છે. આપને જણાવી દઈએ કે ૩૩૦૦૦ પેસેન્જર યુકેથી ભારતના અલગ-અલગ એરપોર્ટ પર ૨૫ નવેમ્બરથી ૨૩ ડિસેમ્બરની વચ્ચે આવ્યા હતા, જેમાંથી અત્યાર સુધીમાં ૧૧૪ કોરોના સંક્રમિત મળ્યા છે. તેમના સેમ્પલને જ્યારે જિનોમ સીક્વેંસિંગ માટે મોકલ્યા તો છમાં નવા સ્ટ્રેન મળ્યા. ત્યારબાદ આ તમામના સેમ્પલોને દેશની ૧૦ લેબ (કોલકત્તા, ભુવનેશ્વર, એનઆઈવી પૂણે, સીસીએસ પૂણે, સીસીએમબી હૈદરાબાદ, સીસીએફડી હૈદરાબાદ, ઈનસ્ટેમ બેંગલુરૂ, એનઆઈએમએચએએનએસ બેંગ્લુરુ, આઈજીઆઈબી દિલ્હી, એનસીડીસી દિલ્હી)માં મોકલાયા હતા.

ઉલ્લેખનીય છે કે બ્રિટનમાં મળેલા કોરોનાના નવા સ્ટ્રેનને લઈ વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે આ ૭૦ ટકા ઝડપથી ફેલાય છે, આ જ કારણ છે કે તેને લઈ ઘણા સમયથી સતર્કતા વધારી દેવામાં આવી છે. જે કંપનીઓ વેક્સીન બનાવી રહી છે તેમનું કહેવું છે કે કોરોનાના નવા સ્ટ્રેનની વેક્સીનના નિર્માણ પર અસર થશે નહીં. વૈજ્ઞાનિકોએને હજી સુધી કોરોના વાયરસના આ નવા વેરિએન્ટ (B.1.1.7) વિશે વધુ માહિતી મળી નથી. હાલમાં તેના જીનોમ સ્ટ્રક્ચર પર સંશોધન ચાલી રહ્યું છે. વૈજ્ઞાનિકો હજી પણ તે શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે કે શું આ મ્યુટેશનથી વાયરસ વધુ ખતરનાક થઈ રહ્યો છે કે પછી નબળો પડી રહ્યો છે.

નવા સ્ટ્રેન ખૂબ જ ચેપી છે. તેનાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કોરોના કેસોમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. એટલે કે સામાન્ય તાણ કરતા ત્રણ ગણો વધુ ચેપી છે. કોરોનાનું નવું સ્ટ્રેન કેટલું જોખમી છે તે સ્પષ્ટ નથી. ખેર વધુ ચેપી થવાથી જોખમી તો છે જ, કારણ કે તેનાથી લોકોમાં ચેપ લાગવાની શક્યતા વધી જાય છે. આ વેરિએન્ટમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં ૨૩ વખત મ્યુટેશન થયું છે જે આશ્ચર્યજનક છે.

## રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં માસ પ્રમોશન નહીં, પરીક્ષાઓ યોજવા વિચારણા ચાલુ: શિક્ષણમંત્રી

ગાંધીનગર,
કોરોના સંક્રમણને પગલે આ વર્ષે રાજ્યમાં શૈક્ષણિક સત્રમાં પ્રાથમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો રાજ્ય સરકારે ઈનકાર કર્યો છે. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, રાજ્યમાં કોરોનાને લીધે હજુ પણ શાળાઓ ફિઝિકલ રીતે શરૂ નથી થઈ શકી. મીડિયામાં શાળાના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનના અહેવાલો વહેતા થયાં હતા. રાજ્ય સરકારે આ બાબતે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો કોઈ વિચાર નથી. શિક્ષણ મંત્રીના મતે વિદ્યાર્થીઓને પ્રમોટ કરતા પહેલા પરીક્ષાઓ લેવાશે. ગુજરાતમાં ધો. ૧થી ૮ અને ધો.૯ તેમજ ૧૧માં વિદ્યાર્થીઓની પરીક્ષા યોજાશે. સ્કૂલો દ્વારા કોરોના કાળમાં જે ઓનલાઈન સિલેબસ ભણાવવામાં આવ્યો છે તેના આધારે પરીક્ષાઓ યોજાશે. જો શાળાઓ દ્વારા સમગ્રમ સિલેબસ નથી ભણાવી શકાયો તો જેટલો સિલેબસ પૂરો થયો હોય તેને આધારે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. શિક્ષણ મંત્રીએ વધુમાં જણાવ્યું કે, પરીક્ષા લેવાના તમામ વિકલ્પો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. જે વિકલ્પ યોગ્ય હશે તેના પર વિચાર કરાશે. એક વિકલ્પ મુજબ વિદ્યાર્થીઓને ઘરે જ પ્રશ્ન પત્ર આપવામાં આવે અને તેને શિક્ષકો દ્વારા તપાસવામાં આવે. બીજો ઓપ્શન એ છે કે વિદ્યાર્થીને સિમિત સંખ્યામાં શાળાએ બોલાવીને તેમની પરીક્ષા લેવામાં આવે. ત્રીજો ઓપ્શન ઓનલાઈન પરીક્ષાનો છે. જો કે આ વિકલ્પ સૌથી ઓછી શક્યતા ધરાવે છે કારણ કે ગ્રામ્ય વિસ્તારોમાં સ્માર્ટફોન અને કોમ્પ્યૂટરની માર્યાદિત સુવિધાને પગલે વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તેમ નથી.

## મમતા બેનર્જીની ચેલેન્જ: પશ્ચિમ બંગાળમાં ભાજપ ૩૦ બેઠક જીતી બતાવે


બીરભૂમ,
પશ્ચિમ બંગાળના બીરભૂમમાં મંગળવારના ટીએમસી પ્રમુખ મમતા બેનર્જીએ પદયાત્રા નીકાળી અને પછી રેલીને સંબોધિત કરી. મમતાએ અહીં બીજેપીને ચેલેન્જ આપી કે ૩૦ સીટો જીતીને બતાવે અને પછી ૨૯૪નું સપનું દેખે. મમતા બેનર્જીએ કહ્યું કે, હવે બીજેપીવાળા દર અઠવાડિયે આવે છે, ફાઈવ સ્ટારનું ભોજન જમે છે અને એવું બતાવે છે કે જાણે આદિવાસીઓ સાથે જમે છે. અમે ૩૬૫ દિવસ ગરૂદેવ રવીન્દ્ર નાથ ટાગોરની સાથે છીએ, પરંતુ બીજેપી દરરોજ ખોટો વિડીયો બનાવીને સમાજને વહેંચવાનું કામ કરી રહી છે.



મમતા બેનર્જી તરફથી પીએમ મોદી પર પણ કટાક્ષ કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે, કોઈકે નવું રૂપ ધારણ કર્યું છે. ક્યારેક તે ટાગોર બનવા ઈચ્છે છે, તો ક્યારેક ગાંધીજી. બીજેપીવાળા કેન્દ્રીય એજન્સીઓ અને પૈસાનો ઉપયોગ કરીને બંગાળમાં ઘુસવા ઈચ્છે છે. મમતાએ બીજેપીને ચેલેન્જ આપતા કહ્યું કે, તે પહેલા ૩૦ સીટો જીતીને બતાવે, ૨૯૪નું સપનું પછી જોવે. ખેડૂતોના મુદ્દા પર પણ મમતા બેનર્જીએ બીજેપીને ઘેર્યું છે.

મમતા બેનર્જીએ દિલ્હીથી બીજેપીના નેતા આવે છે, જેમને ગુરૂદેવ વિશે કંઈ ખબર નથી. કહે છે કે તેઓ શાંતિનિકેતનમાં પેદા થયા. મમતાએ આરોપ લગાવ્યો કે, આજે વિશ્વ ભારતી યૂનિવર્સિટીને રાજનીતિમાં ધકેલવામાં આવી રહી છે. બંગાળમાં રાજનીતિને આશરો આપવામાં આવી રહ્યો છે, તે લોકો હિંદુ ધર્મને જ ખત્મ કરવા ઈચ્છી રહ્યા છે. બંગાળના સીએમે કહ્યું કે, ચૂંટણીથી પહેલા બીજેપી અહીં પૈસા ફેંકી રહી છે. જો તેઓ પૈસા આપે તો લઈ લો, પરંતુ વોટ અમને જ આપજો.

મમતાએ કહ્યું કે, બીજેપી હવે આપણા રાષ્ટ્રગીતમાં પણ બદલાવ કરવા ઈચ્છે છે, બંગાળના કલ્ચર પર નિશાન સાધવામાં આવી રહ્યું છે. તેમને લાગે છે કે કેટલાક ધારાસભ્યો ખરીદવાથી ટીએમસીને તોડી દેશે, પરંતુ આવું નહીં થાય. ઉલ્લેખનીય છે કે રેલીને સંબોધિત કરવાથી પહેલા મમતા બેનર્જીએ લગભગ ૫ કિમી લાંબી પદયાત્રા નીકાળી, જેમાં હજારો લોકોએ ભાગ લીધો. આ સ્થાન પર કેટલાક સમય પહેલા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ રોડ શૉ કર્યો હતો.






# મહીસાગરમાં આજે ૭ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૩૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષનો, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષનો, સંતરામપુર તાલુકાના ૦૨ પુરૂષોના અને વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૯-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૯૩૯ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાછમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૧ પુરૂષે અને વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીાએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લાવમાં અત્યાર સુધીમાં કુલ ૧૮૩૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૦૬૨૫૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૩૧૯ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૬ દર્દી હોમ આઈસોલેશન, ૦૧ CCC લુણાવાડા, ૦૨ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૮ દર્દીઓ સ્ટેબલ અને ૦૯ દર્દીઓ ઓકિસજન પર છે.

# મહીસાગર જિલ્લામાં ધરણા, પ્રતિક ધરણા કરવા પર પ્રતિબંધ

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં જાહેર સ્થપળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લાઘ/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાતની પરિસ્થિ તિ જળવાઈ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રે ટ આર. આર. ઠકકરે જિલ્લાત સેવા સદન, મહીસાગર તથા જિલ્લા ના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્યહ તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસર થી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્ય કિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તા. ૧૧/૦૧/૨૦૨૧ સુધી મનાઈ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ, લગ્નના વરઘોડા તથા સ્મશાન યાત્રાને, ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યાકિતઓને, જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને અને સરકાર દ્વારા આયોજીત કાર્યક્રમો કે અભિયાને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

# વરધરા ખાતે કેનાલના પાણીથી ખેતીને નુકસાન થતાં સર્વે કરી વળતર આપવા ખેડુતોની માંગ

વિરપુર, વિરપુરના વરધરા ગામમાં ૨૦ જેટલા હેકટરમાં વાવેતરમાં કેનાલનુ પાણી ફરી વળતા લાખો રૂપિયાનો પાક નિષ્ફળ ગયો હતો. જેને લઈને મહિસાગર કલેકટર દ્વારા કાર્યપાલક ઈજનેર તાકિદ સર્વે કરી રિપોર્ટ આપવા જાણ કરાઈ હતી. વિરપુરના સુલતાનપગીના મુવાડામાં બે માસ અગાઉ બપોરના સમયે બે બાળકો કુદરતી હાજતે ગયા હતા અને કેનાલમાં પાણી આવી જતાં બંને બાળકો કેનાલમાં ડુબી જતાં એકને બચાવી લેવાયો હતો જયારે બીજા બાળકનુ ડુબી જતાં તેની ભાળ ન મળતા કેનાલના દરવાજા ખોલીને તળાવમાં પાણી છોડાયુ હતુ. કેનાલમાં પાણીનો સંગ્રહ ઓછો થતાં બાળકની લાશ મળી આવી હતી. પરંતુ પાણી તળાવમાં છોડવાથી તળાવ ભરાઈ જતાં નીચાણવાળા વિસ્તારમાં ડાંગરના પાકના ખેતરો પાણીથી છલોછલ ભરાઈ ગયા હતા. જેને પગલે ડાંગરના પાકોને ભારે નુકસાન થયુ હતુ. અંદાજિત ૨૦ હેકટરમાં જેટલા ઉભા તેમજ કાપણી કરેલા પાક પર પાણી ફરી વળ્યુ હતુ. જે બાબતે વરરા ગામના ખેડુતો દ્વારા વિરપુર મામલતદારને આવેદન આપી વળતર મેળવવાની માંગ પણ કરવામાં આવી હતી. જયારે મહિસાગર કલેકટર અને મેજીસ્ટ્રેટ દ્વારા કડાણા વિભાગના કાર્યપાલક ઈજનેર તાકિદ કરી વરઘરા ગામમાં કેનાલનુ પાણીથી નુકસાની થયેલનો સર્વે કરી રિપોર્ટ આપવા તાકિદ કરવામાં આવી છે.

# મોરવા હડફ તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં ઠંડી નો ચમકારો



મોરવા(હ), મોરવા હડફ તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં ઠંડી નો ચમકારો જોવા મળી રહ્યો છે. ઠંડી વધુ પડતી હોવાથી લોકો ને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી. વહેલી સવારે અને મોડી રાત્રે લોકો ઠંડી થી બચવા માટે તાપનાનો સહારો લેતા નજર પડી રહ્યા છે. જયારે ઠંડી વધુ પડવાના કારણે ખેતી પાક ને ફાયદો થાય તેવી શક્યતા લઈ ને ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી છે. આગામી દિવસોમાં ઠંડી વધુ પડશે તેવું લાગી રહ્યું છે. જયારે ઠંડી વધુ પડવાના કારણે ખેતી પાક ને ફાયદો થાય તેવી શકયતા લઈ ને ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી છે.

# કડાણાના ઝીંઝવા ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ગેરરિતી આચરાતા તલાટીને રજુઆત

દિવડાકોલોની, કડાણા તાલુકામાં આવેલી ઝીંઝવા ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ગેરરિતી આચરી હલકી ગુણવત્તા અને નબળી કામગીરી કરી સરકારના નાણાંનો વ્યર્થ ખર્ચ કરવામાં આવી રહ્યો હોવાનુ જોવા મળ્યુ હતુ.

ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા ચાર માસ અગાઉ સીંગવડવાળા ઝીંઝવા ગામ વચ્ચે ૩ લાખ જેવી માતબર રકમનો ખર્ચ કરી આર.સી.સી.રસ્તાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં હલકી ગુણવત્તાનો માલસામાન વાપરી નબળી કામગીરી કરવામાં આવતા ફકત ત્રણ મહિનામાં રસ્તા ઉપર રેતી-કપચી બહાર આવી જતાં નબળી કામગીરીથી ગ્રામજનોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. જે બાબતે ગ્રામજનો દ્વારા સરપંચની ઉપસ્થિતિમાં તલાટી કમ મંત્રીને આવી નબળી કામગીરી કરવા બદલ રજુઆત કરવામાં આવી હતી પરંતુ સરપંચ દ્વારા માત્રને માત્ર પોતાના મનસ્વી સ્વાર્થ ખાતર સરકારી નાણાંનો દુરૂપયોગ કરી આ કામગીરીમાં માપદંડ અને ગુણવત્તા વગેરેનો માલસામાન વાપરી વિકાસના કામોના નાણાંમાં ભ્રષ્ટાચાર આચર્યો હોવાનો આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે. ત્યારે સ્થાનિક ગ્રામજનો દ્વારા તલાટી કમ મંત્રીને આ રસ્તો ફરીથી બનાવવા અથવા આ રસ્તાનુ સમારકામ જલ્દીથી પુનઃ શરૂ કરવા માટે રજુઆત કરવામાં આવી હતી.

# નવરચના શાળા ગોધરાના બાળકો ચિત્ર સ્પર્ધામાં વિજેતા અને સન્માનિત



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, ગોધરાના યુથ રિસોર્સ સેન્ટર દ્વારા સમાનતા, ન્યાય અને શાંતિ અને સંદેશાવ્યવહારના વિષયો પર પોસ્ટર કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવરચના પ્રાથમિક શાળા ગોધરાના ૨૫ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના ચિત્રો ઓનલાઈન રજૂ કર્યા હતા.

ગોધરાના યુથ રિસોર્સ સેન્ટરના આયોજક ડો.સુજાત વલી દ્વારા નાના બાળકોને સામાજિક સંદેશ આપવા માટે પસંદગી કરી હતી. સંસ્થાના ટીમ લીડર વકારભાઈ કાઝી દ્વારા ચિત્ર સ્પર્ધાનું સુંદર આયોજન કર્યુ હતું.

ચિત્ર સ્પર્ધામાં ગોધરાના ચિત્ર શિક્ષક ફારૂકભાઈ બુખારી દ્વારા શ્રેષ્ઠ પાંચ ચિત્રોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૫ થી ૮ માં પ્રથમ ક્રમે પઠાણ લામિયા સરફરાજને ટ્રોફી, ભેટ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જ્યારે શ્રેષ્ઠ ચાર વિજેતા કુરેશી નિગાર ઝહીર, સૈયદ અસ્ફીયાનાઝ રિયાઝ, શેખ રૂત્બા રફીક, શેખ ફાતેમા ઝહીરને મોમેન્ટો અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે તમામ ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહન ઈનામ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં સંસ્થાના વહીવટદાર એસ. વાય. દોલતી, રિસર્ચ સેન્ટરના વકારભાઈ કાઝી, સાનુ દલવાડી, તન્વી દલવાડી, બ્રિજ બેન અને શાળાના આચાર્ય ફિરોઝખાન પઠાણ, જબીનબેન કાઝી, સુપરવાઈઝર જુનૈદ મનસૂરી અને શિક્ષક મિત્રો દ્વારા વિજેતા બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું. ડો.સુજાત વલી સર, સંસ્થાના પ્રમુખ ડો. સરવર જે વલી અને સભ્યો દ્વારા વિજેતા દીકરીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# રામપુરા બી.ફાર્મસી કોલેજ ખાતે ઈન્ડો US ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન



ગોધરા, નુતન એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.ફાર્મસી કોલેજ રામપુરા વર્ષ ૨૦૦૬ થી બેચલર ઓફ ફાર્મસી કોર્ષ ચલાવવામાં આવે છે. આ સંસ્થાને એ.આઈ.સી.ટી.ઈ અને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા, દિલ્હી થી માન્યતા મળેલ છે. સંસ્થા ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવે છે. તાજેતારમાં સંસ્થા ખાતે અએસોશીએશન ઓફ ફાર્મસી પ્રોફેશનલ્સ દ્વારા આયોજિત બે દિવસીય (૨૮/૧૨/૨૦૨૦ - ૨૯/૧૨/૨૦૨૦) ઓનલાઈન ઈન્ડો યુ.એસ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ નુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા અમેરીકા, મલેશીયાના ઈન્ટરનેશનલ્સ સ્પીકર તેમજ ભારતના સ્પીકરે પોતાનું રીસર્ચને લગતુ વકતવ્ય આપ્યું હતું. જેનો ૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ તથા શિક્ષકો એ લાભ લીધો હતો. બીજા દિવસે ઈ પોસ્ટર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં શ્રેષ્ઠ ત્રણ સ્પર્ધકોને એ.પી.પી દ્વારા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. સંસ્થાના વડા, શિક્ષકગણ, તથા વિદ્યાર્થીઓને પણ એ.પી.પી દ્વારા અલગ અલગ કેટેગરીના એવોર્ડ એનાયત કરવામા આવ્યા. આ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવામાં સંસ્થાના ચેરમેન જગદીશભાઈ.આર. પટેલ, વાઈસ ચેરમેન રાજેશભાઈ આર.પટેલ, અલ્પેશભાઈ જે.પટેલ, દુષ્યતભાઈ પટેલ, ડો.સુરેશ એમ.જૈન તથા બી.ફાર્મસી કોલેજના તમામ કર્મચારીઓ અને વિદ્યાથીઓએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

# કાલોલના દેવચોટીયાના ઝીલીયા ગામે રસ્તા ઉપરના દબાણો દુર કરવા રજુઆત

કાલોલ, કાલોલ તાલુકાના દેવચોટિયા પંચાયતના ઝીલીયા ગામના વણકારવાસમાં રહેતા સ્થાનિકોએ કાલોલ તાલુકા પંચાયત સ્તરે આવેદન આપી રજુઆત કરી હતી.

આ અસરગ્રસોતીન રજુઆત મુજબ વણકરવાસમાં જવા-આવવાના મુખ્ય રસ્તા ઉપર સ્થાનિકો દ્વારા દબાણો ઉભા કરી રસ્તાને સાંકળો બનાવી દીધો છે. અસરગ્રસ્તોના જણાવ્યા મુજબ અગાઉ સાત ફુટનો પહોળો રસ્તો હતો પરંતુ દબાણોને કારણે હવે રિક્ષાઓ પણ માંડ લઈ શકાય એવી સ્થિતિ સર્જાઈ છે. જે અંગે સ્થાનિક પંચાયતને વારંવાર રજુઆતો કરવા છતાં લાગતા વળગતા હોદ્દદારો દ્વારા સમસ્યા અંગે આંખ આડા કાન કરી અવગણના કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જે અંગે સ્થાનિક અસરગ્રસ્તોએ તેમના ફળિયામાં મોટાવાહનો તેમજ આપાતકાલિન સમયે ૧૦૮ને પણ ના જઈ શકે તેવી સ્થિતિમાં આ રજુઆતને ધ્યાને રાખી તાત્કાલિક અસરથી મુખ્ય રસ્તે કરેલા ગેરકાયદેસર બાંધકામો અને દબાણો દુર કરી સમસ્યાનુ કાયમી નિરાકરણ લાવવાની અસરગ્રસ્તોએ માંગ કરી છે.




આજ રોજ માન. સચિવ ડો. વિનોદ રાવની પ્રેરણાથી પંચમહાલ જિલ્લા શિક્ષણ પરિવાર તરફથી ચોથા બ્લડ ડોનેશન કાર્યક્રમનું હાલોલ -કાલોલ ખાતે ત્રણ જગ્યાએ આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૩૧૯ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું. આ પ્રસંગે માન.કલેકટર અમિત અરોરા અને ડી. ડી. ઓ. એસ.કે.રાઠોડ ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપેલ.

# મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ

અમદાવાદ, અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે ઉતરાયણના તહેવારને અનુલક્ષીને જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ, મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં. તેમજ જાહેર રસ્તા પર પશુઓને ઘાસચારો નાખી શકાશે નહીં.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧) મુજબ ૨૯ ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી સુધી જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કલમ ૧૮૮ તથા જી.પી એક્ટ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર ગણાશે.

અત્રે મહત્વની વાત એ છે કે, હાઈકોર્ટે દિવાળીની જેમ ઉત્તરાયણમાં પણ કોરોના વકરે નહીં તે માટે લોકોને કડવા લાગે તેવા આકરા નિર્ણયો પણ લેવાની સરકારને તાકીદ કરી હોવા છતાં હજુ સુધી સરકારે ઉત્તરાયણ માટે કોઈ જ એસઓપી બહાર પાડી નથી. પરિણામે, અમદાવાદ પોલીસ કમિશનરે એ જુના પુરાણા દર વર્ષે હોય છે તેવા જ નિયમો સાથેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી આશ્વાસન મેળવ્યું છે.

લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા ઉશ્કેરણીજનક લખાણો સાથેના પતંગ ચગાવવા, વેચવા, કપાયેલા પતંગ લૂંટવા જાહેર રસ્તાઓ પર ઝંડા લઈ દોડવા, ટેલીફોન, ઈલેક્ટ્રિકના વાયર પર ધાતુ સાથેના વાંસડા નાંખવા સામે પણ પ્રતિબંધ ફરમાવ્યો છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારે પ્રસિદ્ધ કરેલી કોરોના ગાઈડલાઈન્સનું પણ કડક પાલન કરવાનું રહેશે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૩૦-૧૨-૨૦૨૦, બુધવાર, માગશર સુદ-પૂનમ, સૂર્યોદય-૭-૨૭, સૂર્યાસ્ત-૬-૧૦, જૈન નવકારશી-૮-૧૩, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૭-૨૭થી લાભ-અમૃત-૧૦-૦૮ સુધી, ૧૧-૨૯થી શુભ-૧૨-૫૦ સુધી, ૧૫-૩૧થી ચલ-લાભ-૧૮-૧૨ સુધી, ૧૯-પરથી શુભ-અમૃત-ચલ-૨૮-૧૨ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૨૭થી ૯-૧૫ સુધી, ૧૦-૦૮થી ૧૧-૦૨ સુધી, ૧૨-૫૦ સુધી, ૧૫-૩૧થી સુધી, ૧૬-૨૫ થી ૧૭-૧૮ સુધી |

# દૈનિક રાશીફળ

તા.૩૦.૧૨.૨૦૨૦ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- દિવસની શરૂઆત ખૂબ જ સારી રહેવાની સામાજીક કાર્યોમાં સફળતા લેખન કાર્યમાં કોઈની મદદ મલે.

વૃષભ(બ.વ.ઉ.) :- નવા સાહસની ઈચ્છા ફળવાની નોકરીમાં કાર્યભાર રહે. પ્રતિષ્ઠા વધવાની કર્જમાં રાહત થવાની.

મિથુન(ક.છ.ઘ.) :- વ્યવસાયમાં પ્રગતિ રહે. યાત્રા પ્રવાસનું આયોજન થાય ઉપરી અધિકારી વર્ગનો સહકાર રહે.

કર્ક(ડ.હ.) :- વિજાતીય મિત્રોનો સહકાર રહે. ભાગીદારોને સહકાર દેવો ગુસ્સાને ટાળજો. કારણ વગરના વિચારો રહે.

સિંહ(મ.ટ.) :- સ્વાસ્થ્ય બાબત બેદરકારી ટાળજો નવી ઓળખાણ બાબત સાવધાની રાખવી. પ્રવાસમાં લાભ રહે.

કન્યા(પ.ઠ.ણ.) :- બીજાની જવાબદારીઓ લેવામાં જાળવવું નોકરીમાં પ્રમોશન બદલીના ચાન્સ સગાઈનું કાર્ય આગળ વધે.

તુલા(ર.ત.) :- નોકરી-ધંધામાં માહોલ અનુકુળ રહેવાનો પ્રવાસમાં અનુકુળતા ગુસ્સાને કાબુમાં રાખજો તમારા વર્તનમાં સુધારો જરૂરી.

વૃશ્ચિક(ન.ય.) :- શેર સટ્ટામાં વિચારપૂર્વક રોકાણ કરજો. ઉધારી ધંધાથી દૂર રહેજો વિદેશથી આર્થિક લાભ મલવાનો રોમાન્સમાં સફળતા.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- માનસિક તનાવ દૂર થાય નોકરીમાં ફેરફારોની ઈચ્છા ફળવાની નવા સંબંધો બનાવવાની ઈચ્છા ફળવાની.

મકર(ખ.જ.) :- વિદેશથી કે દૂરના અંતરેથી સારા સમાચાર આવે સ્વાસ્થ્ય બાબત જાળવવું મનગમતી વ્યકિત સાથે મુલાકાત થાય.

કુંભ(ગ.શ.સ.) :- પરિવારમાં ઉત્સાહનો માહોલ ઉભો થાય મિલ્કતના પ્રશ્નોમાં અનુકૂળતા રહે. અભ્યાસમાં સફળતા રહે. પ્રવાસ થાય.

મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. પરિવારના વડીલો સાથે વ્યર્થ દલીલબાજીથી દુર રહેજો.


# પંચમહાલ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની વ્યવસ્થાપક સમિતિની મત ગણતરી યોજાઈ

## ચુંટણીમાં ભારતીય કિસાન સંઘના પ્રમુખનો વિજય

ગોધરા, ધી પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી ગોધરાની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીની મત ગણતરીમાં સંઘ સાથે સંયોજિત થયેલ અન્ય મડળીઓના મતદાર વિભાગમાંથી ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ ગોધરાના સભ્ય, અને ભારતીય કિસાન સંઘ પંચમહાલના પ્રમુખ ખુમાનસિંહ ઉદેસિંહ ચૌહાણનો વિજય થયેલ છે. બજાર સમિતિના અન્ય ત્રણ ખેડૂત પ્રતિનિધિ ચન્દ્રસિંહ ડી.રાઉલજી, અશ્વિનભાઈ પટેલ અને ગોપાલભાઈ જી. પટેલની પણ પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ગોધરા માં બિનહરીફ વિજય જાહેર થયેલ છે.

નવનિયુક્ત ચૂંટાયેલા સભ્ય દ્વારા ભારતીય જનતા પાર્ટીનો તેમના પણ વિશ્વાસ મુકવા બદલ હદયપૂર્વક આભાર માનેલ અને તમામ હોદ્દેદારો, બજાર સમિતિના સભ્યો, સંગઠનના હોદ્દેદારોનો પણ આભાર વ્યક્ત કરેલ છે. તેઓની નિયુક્ત બદલ અને તેમના નેજા હેઠળ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થાય તે માટે એપીએમસી પરિવાર નવનિયુક્ત તમામ સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવે છે.


# આદિવાસીઓના વિકાસની દરકાર, રાખી રહી છે ગુજરાત સરકાર



વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત
આદિજાતિ વિસ્તારોનાં સર્વાંગી વિકાસ માટે પાછલા
૧૦ વર્ષમાં ગુજરાત સરકારે ખર્ચ્યા રૂ. ૯૦,૦૦૦ કરોડ થી વધુ

**પીવાનું પાણી અને સિંચાઈ** આદિજાતિ વિસ્તારોમાં ઘરે ઘરે પહોંચ્યું છે પાણી

- જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ૨૬૧૪ ગામોને પાણી પહોંચાડાઈ રહ્યું છે જ્યારે ૮૯૬ ગામોના કામ પ્રગતિમાં
- વર્ષ ૨૦૦૧માં ૪૮,૬૯૮ આદિવાસી પરિવારોને નળથી પાણી મળતું હતુ જે આજે ૧૧.૩૦ લાખ પરિવારો સુધી પહોચ્યું આ વિસ્તાર માટે પીવાના પાણીની યોજનાઓ ઉપર રૂા.૫૩૭૦.૪૪ કરોડનો ખર્ચ થયો
- પાછલા ૪ વર્ષમાં સિંચાઈની વિવિધ યોજનાઓના ૧૬૩૧ કામો હાથ ધરી ૧,૯૪,૨૫૭ એકર વિસ્તારને સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી
- રૂ.૩૭૯૬ કરોડના ખર્ચની ૧૦ મોટી ઉદ્દ્વહન સિંચાઈ યોજના પ્રગતિમાં, જેનાથી ૨૧ તાલુકાના ૫૯૦ ગામોના ૨,૩૦,૨૫૦ એકર વિસ્તારને સિંચાઈ સુવિધા મળશે



**વીજળી ૨૪x૭** આદિવાસી પરિવારોનાં ઘર થઈ રહ્યાં છે વીજળીથી રોશન

- આદિવાસી પરિવારોનાં ઘર ૨૪x૭ થઈ રહ્યાં છે વીજળીથી રોશન
- આ વિસ્તારના ૫૮૮૪ ગામોમાં પહોચાડાઈ વીજળી અને ૧૭૯ નવા સબસ્ટેશન ઉભા કરવામાં આવ્યા
- આદિજાતિ વિસ્તારોનાં ૧,૮૩,૫૮૭ ખેતરોમાં પહોંચાડાઈ વીજળી
- કુટીર યોજના હેઠળ ૧,૨૫,૮૮૩ ઘરોમાં અપાયા વીજ કનેકશન



**રસ્તા** આદિજાતિ વિસ્તારોમાં મોટાપાયે થયું રસ્તાઓનું નિર્માણ

- આદિજાતિ વિસ્તારના તમામ મહેસુલી ગામોને બારેમાસ રસ્તાઓ સાથે જોડવામાં આવ્યાં
- ૨૫૦થી નીચી વસ્તીવાળા આદિજાતિ વિસ્તારોનાં ૯૮૪ પરાને રાજ્યની વનબંધુ કલ્યાણ યોજના અને ૮૩ ગામોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ એમ કુલ ૧૦૬૭ પરાઓને એસ્ફાલ્ટ રોડથી જોડવામાં આવ્યા
- રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં અંતરિયાળ વિસ્તારમાં ૭૨૧૦ કિ.મી. લંબાઈના રસ્તાઓનું નિર્માણ
- આદિજાતી વિસ્તારોના રસ્તાના બાંધકામ અને સમારકામ માટે વિભાગના કુલ બજેટના આશરે ૧૪.૫૦% જેટલું બજેટ ફાળવવામાં આવ્યું



**શિક્ષણ** શિક્ષણથી દીવા થયા, ભણતરથી અંધારા ગયા

- ૭૫૩ જેટલી આશ્રમ શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને એકલવ્ય શાળાઓના ૧,૩૭,૦૦૦ વિદ્યાર્થીઓને રહેવા, જમવા અને અભ્યાસની સુવિધા પુરી પાડવા ૬૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ
- ૧૪ આદિજાતિ જિલ્લામાં મેડિકલ અને એન્જિનિયરીંગ શાખાઓમાં પ્રવેશ પરીક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૯૦ થી વધુ તાલીમ કેન્દ્ર શરૂ કરાયા. જેમાથી ૨૭૪ વિદ્યાર્થીઓએ NEET અને JEE માં ૩૩૯ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવવાપાત્ર થયેલ છે
- ૪૪ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ શાળા, ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળા, ૧૨ મોડલ શાળાઓ, ૨ સૈનિક શાળાઓમાં ૩૩,૬૭૩ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે
- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિના સર્વાંગી વિકાસ માટે ૨ લાખ થી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપનો લાભ આપવા માટે રૂ. ૩૭૯ કરોડની જોગવાઈ છે
- રાજ્યમાં ૨૯ મેડિકલ કોલેજો પૈકી ૩ કોલેજો આદિજાતી વિસ્તારમાં, ૯ જિલ્લાઓમાં ૧૮ સમરસ છાત્રાલયોમાં આદિજાતિના ૩૭૫૦ વિદ્યાર્થીઓને રહેવા જમવાની વ્યવસ્થા



**જમીનના હક**

આદિવાસીઓને તેમની જમીનના માલિકીના હક મળ્યાં

- પેસા એક્ટના ત્વરીત અમલથી વનબંધુઓને વન પેદાશો-ગૌણ ખનીજના પ્રથમ અધિકાર આપી સ્થાનિક વિકાસને અગ્રતા અપાઈ
- છેલ્લા ૬ વર્ષમાં વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૪ જિલ્લાના અંદાજીત ૯૬,૦૦૦ થી વધુ આદિવાસીઓને વ્યક્તિગત અને સામુદાયીક જમીની દાવા મંજૂર કરી આદેશપત્ર એનાયત કરાયા

**સાંસ્કૃતિક વારસાનું જતન અને ટુરિઝમ**

સંસ્કૃતિનું રક્ષણ પણ અને વિકાસ પણ

- આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં મહત્વનો ફાળો આપનાર આદિવાસી સ્વાતંત્રવીરોના યોગદાનને ઉજાગર કરનાર રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયબલ મ્યુઝિયમની ૬૫% કામગીરી પૂર્ણ. રૂ.૧૦૩.૧૭ કરોડનાં ખર્ચે તૈયાર થનારું આ મ્યુઝિયમ ૨૦૨૨માં તૈયાર થશે
- સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા નર્મદા જિલ્લામાં ટુરિઝમ સેક્ટરનો વિકાસ થયો અને રોજગારીનું સર્જન થયું





## વિકાસલક્ષી નેતા, પ્રગતિશીલ સરકાર...

દરેક ગામ દરેક શહેરની એક જ વાત, વિકાસપથ પર અગ્રેસર ગુજરાત

**વનબંધુઓનાં સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.**

શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત




# દાહોદમાં હત્યા કરાયેલ યુવકના પરિવારજનો દ્વારા હત્યામાં સંડોવાયેલ અન્ય વ્યકિત હોવાની રજુઆત સાથે હોબાળો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં કેટલાક દિવસો અગાઉ એક ૧૯ વર્ષીય યુવક જગદીશ દેવડાની હત્યા કરાયેલ અને હત્યા કર્યા બાદ તેના મૃતદેહ પર પેટ્રોલ ઝાંટી પુરાવાના નાશ કરવાના ઈરાદે આરોપીઓ ભાગી છુટ્યા હતા અને આ બાદ એક્શનમાં આવેલ પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ તપાસનો ધમધમાટ આરંભ કરી ૩ બાળ કિશોરોને ઝડપી પાડતાં આ બાળ કિશોરો આ હત્યાને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી પરંતુ મૃતક યુવકના પરિવારજનો તેમજ સમાજના લોકો દ્વારા આજરોજ દાહોદ તાલુકા પોલીસ મથકે ટોળું પહોંચી જઈ આ હત્યાકાંડ પાછળ બાળકો નહીં પરંતુ મોટા માણસોનો હાથ હોવાની રજુઆત સાથે ભારે હોબાળો મચાવ્યો હતો અને ન્યાય માટે પોલીસ સમક્ષ રજુઆતો પણ કરી હતી. ઘટનાની થતાંની સાથે વધુ પોલીસ કાફલો દાહોદ તાલુકા પોલીસ મથકે ઘસી આવ્યું હતું અને સ્થિતીને હાલ કાબુમાં લીધી હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ શહેરમાં નાના ડબગરવાડ વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષીય જગદીશ દેવડાની હત્યા બાદ આજરોજ આ યુવકના પરિવારજનો તેમજ વિસ્તારના લોકો પોલીસ મથકે પહોંચી ગયા હતા. ન્યાય બરાબર નથી મળ્યો.. જેવા સુત્રોચ્ચારો પણ આ લોકો દ્વારા કરવામાં આવ્યા હતા. આ પરિવાર અને સમાજના જણાવ્યા અનુસાર, આ હત્યામાં અન્ય લોકો સંડોવાયેલા ચે અને તે દિશામાં પણ તપાસ થાય તે જરૂરી છે. વધુમાં જણાવ્યા અનુસાર, નાબાલિક યુવકોમાં ગળું કાપીને, મૃતકને બાળીને નાંખવાની હિંમત ના હોઈ શકે, કોઈ અન્ય અથવા તો મોટી ઉંમરના વ્યક્તિઓ પણ યુવાનની હત્યામાં સંડોવાયેલ હોવાની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી હતી અને તે દિશામાં પણ તપાસ કરવામાં આવે તેવી પોલીસ સમક્ષ રજુઆતો સાથે ભારે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતાં. આ ઘટનાની જાણ ઉચ્ચ પોલીસ અધિકારીઓને થતાં દાહોદ શહેર પોલીસ મથકના પી.આઈ. વસંત પટેલ, એલ.સી.બી.શાખાના પોલીસ કર્મચારીઓનો કાફલો પણ ઘટના સ્થળ પર દોડી ગયો હતો.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ એકસાથે ૧૯ કોરોના કેસો નોંધાતા ફરીવાર જિલ્લામાં જાણે કોરોના કેસોનો વધારો થતો હોય તેમ જણાઈ રહ્યું છે. આ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૬૧૭ને પાર થઈ ચુક્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૨૬૫ પૈકી ૧૮ અને રેપીટ ટેસ્ટના ૫૪૯ પૈકી ૦૧ મળી આજે ૧૯ કેસો સામે આવ્યા છે. આ ૧૯ પૈકી દાહોદ અર્બનમાંથીજ ૧૦ કેસો સામે આવ્યા છે જ્યારે દાહોદ ગ્રામ્યમાંથી ૦૨, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૧ અને ગરબાડામાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૦ દર્દીઓને એકસાથે દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૪૧ રહેવા પામી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ મૃત્યુઆંક ૯૧ ને પાર રહ્યો છે.

# દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં એક વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતને કારણે અને વાહનોની વધુ પડતી ઝડપના કારણે માર્ગ અકસ્માતના સર્જાયેલા બે માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજયાનું તેમજ બે વ્યકિતઓને શરીરે ઈજાઓ પહોંચતા નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના જાલત ગામે બનવા પામ્યો હતો. જેમાં એક અજાણ્યા વાહન ચાલક ગત તારીખ ૨૮મી ડિસેમ્બરના રોજ પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ ગરબાડા તાલુકાના સીમલીયા બુઝર્ગ ગામે રહેતા જેકાભાઈ કાળાભાઈ મંડોળ ના બીજા એક વ્યક્તિ ની મોટર સાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી અજાણ્યા વાહન ચાલક નાસી જતા જેકાભાઈ અને તેમની સાથેના બીજા એક વ્યક્તિ બંને મોટરસાઈકલ પરથી જમીન પર ફંગોળાયા હતા અને બે પૈકી એકનું મોત નીપજ્યું હતું. જ્યારે જેકાભાઈનેગંભીર ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા આ સંબંધે સીમલીયા બુઝર્ગ ગામે રહેતા પરસુભાઈ રામાભાઈ પરમારકતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના સાપોઈ ગામે બનવા પામ્યો હતો. જેમાં એક આઈસર ફોરવીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલ એક પીકપ ગાડી ને ટક્કર મારતા તેમાં સવાર મહેશભાઈ પીકપ માંથી ફેકાઈ જમીન પર પટકાયા હતા જેને પગલે મહેશભાઈને સાથળના ભાગે તથા જમણા ખભાની પાછળ તેમજ બરડાની પાછળ અને આંખની નીચે ઈજાઓ થઈ હતી. આ સંબંધે ઝાલોદ તાલુકાના નાની સીમલખેડી ગામે નિશાળ ફળિયામાં રહેતા અલ્કેશ ભાઈ રાયસીંગભાઈ કિશોરીએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ધાનપુરના સજોઈ ગામે આવેલ નડિયાદના ઈસમે સજા ભોગવતા વ્યકિતના જામીન કરવાની લાલચ આપી બાઈક અને મોબાઈલ લઈ નાશી જતાં ફરિયાદ

દાહોદ,

ધાનપુર તાલુકાના સજોઇ ગામે એક વ્યક્તિના ઘરે નડિયાદમાં રહેતો એક ઈસમ આવી આણંદ સબ જેલમાં સજા ભોગવી રહેલ વ્યક્તિની જામીન કરાવવાની લાલચ આપી નડિયાદમાં રહેતા આ ઈસમે સજોઈ ગામના વ્યક્તિની મોટરસાયકલ તેમજ મોબાઈલ ફોન કુલ રૂપિયા ૩૮૦૦૦/- ની મત્તા વિશ્વાસમાં લઈ નાસી જતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

નડિયાદમાં મિત્રાલ જામા મસ્જિદ પાસે રહેતો સિરાજ ઉર્ફે સિરિયો યુસુફખાન પઠાણ ગત તારીખ ૧૬ નવેમ્બરના રોજ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સજોઈ ગામે આવ્યો હતો અને ગામમાં રહેતા પર્વતભાઈ ધનાભાઈ ભાભોર ના ઘરે ગયો હતો. પર્વતભાઈ નો સંબંધી પ્પ્રદીપ ભાઈ નામક વ્યકિત આણંદની સબજેલમાં સજા ભોગવી રહ્યો છે અને તેને જામીન કરાવવા ની લાલચ આપી આ યુસુફે પર્વતભાઈની મોટર સાયકલ તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ રૂ ની મત્તા લઈ નાસી જતા આ સંબંધે સજોઇ ગામે રહેતા પર્વતભાઈ દ્વારા યુસુફભાઈ વિરુદ્ધ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સુખસરની સગીરાને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

ફતેપુરા તાલુકાના સુખસર નગરમાંથી એક ૧૬ વર્ષિય સગીરાને એક યુવક દ્વારા પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતા આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે. બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકામાં વજાપુર ગામે રહેતો દશરથભાઈ હમીરપુર ઉર્ફે બી મિલખંભાઈ ઠાકોરદ્વારા ગત તારીખ ૧૬ ડીસેમ્બર ના રોજ ફતેપુરા તાલુકાના સુખસર પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે આવ્યો હતો અને ફતેપુરા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને સુખસર બસ સ્ટેન્ડ પરથી પત્ની તરીકે રાખવાના ઈરાદે અપહરણ કરી લઈ નાસી જતા આ સંબંધે સગીરના વાલી વારસ દ્વારા સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગોધરા ST ડેપોમાં સંજેલી રૂટની બસો બંધ કરાતા મુસાફરોમાં પરેશાની

ગોધરા,

ગોધરા એસ.ટી.ડેપોમાંથી ઉપડતી બપોરના સમયની ૧ વાગ્યે ગોધરા-સંજેલી વાયા રણધિકપુર તેમજ ગોધરા-સંજેલીની વાયા સુલિયાત બસના એસ.ટી. બસોના રૂટ કાપી લેવાતા વર્તમાન સમયે ગોધરા એસ.ટી.ડેપોમાંથી આવતા-જતાં મુસાફરોને મુશ્કેલી વેઠવી પડી રહી છે. મોરવા, સુલિયાત, નવાગામ, માંડલી વિસ્તારના લોકોને ગોધરા-સંજેલીની આ એસ.ટી.બસો એકાએક બંધ કરી દેતા લોકલ સેવાનો લાભ છીનવાઈ જતા મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. તેમજ સાંજના સમયે સંજેલીથી ગોધરા જતાં મુસાફરોને વર્તમાન સમયે કાયમી અનુકુળ બસ ન મળતા ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. લોકલ જુના રૂટની આ બે બસો ચાલુ કરવામાં આવે તેવી અપડાઉન કરતા મુસાફરોની માંગ છે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ઝાલોદ હિરેન પટેલ હત્યાના ગુનામાં હરીયાણાના ઝડપાયેલ મુખ્ય આરોપી

## ૨૦૧૧ માં ૬ હજાર ના કેરોસીનના કાળાબજાર કરતા ઝડપાયેલો ઈમરાન ગુડાલા ૨૦૨૦ સુધી કરોડોની બેનામી સંપતિનો માલિક ?



ઝાલોદ, પંથકમાં વહેતી થયેલી ચર્ચા પોલીસના તોડબાજ ગણાતો ઈમરાન જુગાર, કાળા બજારી થી લઈ ને કોમી રમખાણોમાં પણ સક્રિય હોવાની તરેહ તરેહની ચર્ચાઓ વચ્ચે પોલીસ ચોપડે માત્ર એકલ દોકલ કેસ જ કેમ નોંધાયા. તે અંગે પણ ઝીણવટભરી તપાસ હાથ ધરવાની લાગણી તેમજ માંગણી. સમગ્ર પંથકમાં ચકચારી એવા હિરેન પટેલ હત્યાકાંડમાં રોજ રોજ નવી પરતો ખુલી રહી છે. સત્તા છીનવાઈ જવાની વાતે રઘવાયા બનેલા લોકોએ પોતાનો બળાપો કાઢવા હત્યા જેવા હિન કૃત્ય સુધી પહોંચેલા મહત્વકાંક્ષીઓના નામ સામે આવી રહ્યા છે. ત્યારે હત્યા અને હત્યારા બંન્ને વચ્ચે કડીરૂપ એવા ઈમરાન ગુડાલા ઉર્ફે ઈમુ ડાંડની કારકિર્દીમાં પણ અનેક વિવાદો વણાયેલા છે. અને રાજકીય ગોડફાધરોના કારણે ખૂબ ટૂંકાગાળામાં રાજકીય તેમજ સામાજિક અગ્રણી તરીકે ઝાલોદ પંથકમાં પ્રસ્થાપિત થવા પામ્યો છે.

ત્યારે ૨૦૧૧ માં પોલીસ ચોપડે છ હજારના કેરોસીનની કાળા બજારી કરતા ઝડપાયેલો ઈમરાન ગુડાલા કટારા ફેમિલીનું વિશ્વાસુ અને અંગત વ્યકિત કેવી રીતે બન્યો તેની તપાસ હાથ ધરાય તો પણ ચોંકાવનારી હકીકતોની સંભાવનાઓ વ્યક્ત થઈ રહી છે. જોકે આ સમય દરમિયાન ૨૦૧૨ માં ઝાલોદ માર્કેટયાર્ડની ચૂંટણી વેપારી પ્રતિનિધિ તરીકે ચૂંટાયા પછી સ્થાનિક તંત્ર અને ખાસ કરીને પોલીસતંત્ર સાથે ખૂબ જ અંગત ઘરોબો કેળવી લીધો હોવાનું કહેવાય છે. એટલું જ નહિ ઝાલોદમાં મોટાભાગના પોલિસને લાગતા કામો માટે તેનો જ સંપર્ક કરવામાં આવતો હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે આવા સાંઠગાંઠ અને દબદબાને પગલે ઝાલોદ પંથકના અનેક પ્રકારના ગુનાઓમાં તે આરોપીના દાયરાથી દૂર રહ્યો હોવાનું પણ પંથકમાં વિશ્વાસનીય રીતે ચર્ચાઈ રહ્યું છે.

ત્યાર બાદ ૨૦૧૭ માં કટારા પરિવાર કોંગ્રેસમાં પ્રવેશ લીધો અને ભાવેશભાઈ ધારાસભ્ય બની જતા માનીતા ઈમરાનને રાજકીય પીઠબળ સાંપડી જતા તેનો સિતારો બુલંદી પર આવી ગયો હતો અને ૨૦૧૮ માં યોજાયેલ પાલિકાની ચુંટણીમાં પણ કોંગ્રેસને સત્તા મળતા ઈમરાન દ્વારા મહિલા કાઉન્સિલર સાથે મોટી ડીલ કરી અને પાલિકાના કામોમાં અંગત રસ રાખી અને વિવિધ ગેરરીતિઓને અંજામ આપી કરોડોની બેનામી સંપત્તિનો માલિક બની ગયો હોવાનું પણ કેહવાઈ રહ્યું છે. ત્યારે તે દિશામાં પણ તપાસ હાથ ધરાય તે ઈચ્છનીય છે.

પાલિકામાં અઢી વર્ષ સુધી એક હથ્થુ શાસન કર્યા બાદ ઓગસ્ટ ૨૦૨૦માં હિરેન પટેલ દ્વારા પાલિકામાં ભાજપા સમર્થિત બોડી બેસાડી દેવાને લીધે પાલિકામાં થયેલો ભ્રષ્ટાચાર ખુલો પડી જવાને પગલે વિફરેલા ઈમરાને પોતાના રાજકીય ગોડફાધરોના ઈશારે

હિરેન પટેલની હત્યાનું કાવતરૂ રચ્યું હોવાનું હાલ સપાટી પર આવ્યું છે.તેમાંય આ કાવતરામાં ધારાસભ્ય ભાવેશ કટારાના ભાઈ અમિતે સોપારી આપી હોવાનું પણ ખુલવા પામ્યું છે. ત્યારે પાલિકામાં અઢી વર્ષ દરમ્યાન થયેલા કામોની ગેરરીતિઓ તેમજ ઈમરાનને અઢી માસ સુધી ફરાર રહેવામાં મદદ કરનારા લોકોથી લઈને ઈમરાનની કેરોસીનના કાળા બજારથી લઈ ને માત્ર ૧૦ વર્ષમાં ઉભી કરવામાં આવેલી કહેવાતી બેનામી સંપત્તિ અંગેના વણ ઉકલેલા પ્રશ્નો અંગે તપાસ થશે કે કેમ? તે અંગે પણ તપાસ કરાય તે ઈચ્છનીય છે.

### હિરેન પટેલની હત્યા રાજકીય બદલો લેવા કે પછી રાજકીય દબદબો જાળવી રાખવા થઈ તે પણ તપાસનો વિષય

સરપંચથી લઈને ધારાસભ્ય સુધીના તમામ હોદ્દાઓ પર એક જ પરિવારના સભ્યો હોવા ઉપરાંત પાલિકા પ્રમુખ તરીકે પણ એ જ પરિવારના સભ્ય હોવાથી આ પરિવાર નો રાજકીય ગ્રાફ ખૂબ જ ઉંચો હતો. અને કદાચ જિલ્લામાં સૌથી પાવરફુલ પરિવાર તરીકે આ પરિવારની ગણના થતી હતી. જોકે, પહેલા માર્કેટ યાર્ડ બરખાસ્ત થયું, સાંસદમાં હારનો સામનો કર્યા બાદ, પાલિકામાં પણ હાર વેઠવી પડી હોઈ રાજકીય અદાવતના ભાગરૂપે કે પછી અન્ય પક્ષમાં ખોફ કાયમ રહે તે આશયથી હત્યા કરાઈ તે ખરેખર અમિત કટારા પકડાય ત્યારે જ ખબર પડે તેમ છે.

### અગાઉ રાજકીય અદાવતે થયેલી મારામારીમાં તેમજ અજય કલાલ સાથે દારૂના વેપારમાં અમિત કટારાનું નામ પોલીસ ચોપડે

અમિત કટારા રાજકીય જીવનમાં વધુ આવ્યો ન હતો પણ તેની પત્ની કિંજલને ઝાલોદ પાલિકામાં બિન હરીફ પ્રમુખ બન્યા બાદ પાલિકાના રાજકારણમાં રસ લેતો થયો હતો. હિરેન પટેલની હત્યામાં ઈમરાન ગુડાલાએ તેનું નામ આપતા તે હાલ તો મુખ્ય આરોપી તરીકે જોવામાં આવી રહ્યો છે. પણ આ પહેલા હિરેન પટેલ સાથે ૨૦૦૭ માં માર્કેટ યાર્ડની ચુંટણીને લઈને થયેલી મારા મારીમાં તેનું નામ પોલીસ ચોપડે નોંધાયું હતું. તો મહીસાગર જિલ્લામાં પણ એક દારૂના કેસમાં અજય કલાલ સાથે તેનું નામ નોંધાયું હતું. જો કે હત્યા જેવા પ્રકરણમાં તેનું નામ આવ્યું હોઈ હર કોઈ અચંબામાં પડી ગયા હતા.

# ઘોઘંબાના પોચલી (સરસવા) ગામે માલિકના ખેતરના શેડા ઉપર થી સાગ ઝાડ કાપી બારોબાર વેચતાં RFOને લેખિત રજુઆત



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના પોચલી (સરસવા) ગામે રહેતા ફરિયાદીના રે.સર્વે નંબર ૧૩૦ વાળી જમીનમાં ઉછેરવામાં આવેલ સાગ, સેવન, લીમડા જેવા ઝાડોને ગામના બે ઈસમો દ્વારા રાત્રીના સમયે બારોબાર કાપીને વેચી નાખવામાં આવ્યા હતા અને ઝાડો કાપવાને લઈ ખેતરમાં ઉભા પાકને નુકશાન કરવામાં આવ્યું. આ બાબતે બારોબાર વગે કરવાને લઈ ઝાડો પાડવાની ખેતરમાં ઉભા પાકને જાતે નુકશાન થવા પામ્યું છે.

ખેતરના શેઢા ઉપર થી રાતો રાત ઝાડો કાપી જવાની જાણ થતાં કેડીયાભાઈ રાઠવા આરોપીઓને ઘરે અમારા ઝાડ કેમ કાપી ગયા છે. તેમ પુછવા જતાં આરોપીઓ એક જુથ મળતીયાઓ સાથે મારક હથિયારો સાથે સામે ાઅવ્યા હતા અને ઝાડ કાપી નાખીને વેચી દીધા છે. થાય તે કરી લો તમારું કરઈ વળે નહી તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આરોપી રાઠવા ભીમસીંગભાઈ વિરસીંગ જે ઝાડો કાપી લઈ ગયા બાદ નાણાં આવી જતાં ક્યાંક ફરાર થઈ ગયેલ છે અને ફોન દ્વારા ધમકી આપવામાં આવી રહી છે. આ ઈસમો માથાભારે તેમજ દારૂ પીવાની ટેવ ધરાવતા હોય જેને લઈ અમારી જાતને જોખમ છે. ખેતરના શેઢા ઉપર થી ૪૫ જેટલા સાગના ઝાડ તેમજ અન્ય ઝાડો કાપીને વેચી નાખવાના કિસ્સામાં ઘોઘંબા રેન્જ ફોરેસ્ટને લેખિત રજુઆત કરી ને કાર્યવાહીની માંગ કરી છે.

### સાગના ઝાડો બારોબાર વેચી નાખતા ઈસમો માથાભારે હોવાને લઈ ફરિયાદીને જાનનું જોખમ

ઘોઘંબા રેન્જ ફોરેસ્ટ ને લેખિત રજુઆત કાર્યવાહી કરવા માટે માંગ કરવામાં આવી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના પોચલી (સરસવા) ગામે રહેતા કેડીયાભાઈ નાથીયાભાઈ રાઠવાના સર્વે નં.૧૩૦ તથા ૪૦ માલિકીની જમીન આવેલ છે. આ જમીનના ખેતરના શેઢા ઉપર સાગ, ટીમરાના ઝાડ પણ હતા. ત્યારે પોચલી ગામે રહેતા ભીમસીંગભાઈ વિરસીંગભાઈ રાઠવા, વિનોદ ગમાભાઈ રાઠવા એ ફરિયાદી કેડીયાભાઈ રાઠવાના ખેતરમાં રાત્રીના સમયે આવીને સર્વે નંબર ૧૩૦ અને ૪૦ વાળી ખેતરમાં રોપવામાં આવેલ ૪૫ જેટલા સાગ સહિતના ઝાડ રાતો રાત કાપીને ખેતર માલિકની જાણ બહાર બારોબાર સોદો કરીને વેચી નાખવામાં આવ્યા હતા. ખેતરના શેઢા ઉપર ઉછેરવામાં આવેલ ઝાડને કાપીને

# શહેરામાં ગેરકાયદેસર દબાણો દુર કરવાની કામગીરી : અધિકારીઓ સામે હોબાળો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા પાલિકા દ્વારા બસ સ્ટેશન સહિત અન્ય વિસ્તારમાં દબાણો દૂર કરવાની કાર્યવાહી પોલીસના બંદોબસ્ત વચ્ચે કરાઈ હતી.પાલિકા એ દુકાનોની બહાર ના છજા સહિતના દબાણો દૂર કરવાની કાર્યવાહી વચ્ચે અમુક દુકાનદારો સાથે સામાન્ય બોલાચાલી થવા પામી હતી.

શહેરા નગરપાલિકા દ્વારા ૩૦૦થી વધુ દુકાનદારોને દબાણને લઈને નોટીસ પાઠવવામાં આવી હતી. મંગળવારના રોજ નગરપાલિકા પ્રશાસન દ્વારા ગેરકાયદેસર પાકા કાચા દબાણો હટાવા માટે ડિમોલિસન ની પ્રક્રિયા પાલિકાના ચીફ ઓફિસર અર્જુનસિંહ પટેલ, જીતેન્દ્ર જોષી તેમજ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.નકુમ,પો.સ.ઈ. લવલી પટેલ તેમજ પોલીસ કાફલાને સાથે રાખી નગરપાલિકાના જવાબદાર અધિકારીઓની ઉપસ્થિતિ વચ્ચે શરૂ કરવામાં આવી હતી. જેમાં કેટલીક જગ્યાએ પાલિકા દ્વારા ખાનગી માલિકીની હદમાં આવેલા દબાણો તોડી પાડવામાં આવતા ઉગ્ર બોલાચાલીના દ્રશ્યો સર્જાયા હતા તો કેટલાક વેપારીઓએ સ્વૈચ્છાએ પોતાના દુકાનોના છજા તેમજ પતારાઓ કાઢી લીધા હતાં. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે શું પાલિકા પ્રશાસન ફરીથી દૂર કરેલા ગેરકાયદેસર દબાણો સ્થાપિત નહીં થાય એ બાબતની દરકાર રાખશે કે પછી ભૂતકાળમાં થયુંએમ કામ કર્યાનો સંતોષ માની લેશે!

# હાલોલ ગ્રામ્ય વિસ્તારમાં વીજ પુરવઠો અનિયમિત મળતા ખેડુતો દ્વારા વીજ કંપની સામે રજુઆત

હાલોલ, હાલોલના ખેડુતોને મધ્ય ગુજરાત વીજ કંપની હાલોલ દ્વારા વીજ પુરવઠો અનિયમિત અને અપુરતો મળતો હોવાથી હાલોલના ખેડુતો એકત્રિત થઈ વીજ કંપનીની ઓફિસમાં જઈને વીજ પુરવઠો નિયમિત અને પુરતા પ્રમાણમાં મળે તે માટે ઉગ્ર રજુઆતો અધિકારીને કરી હતી. વીજ કંપનીની ઓફિસમાં રજુઆત કરવા આવેલા હાલોલ ખેડુતોએ જણાવ્યુ હતુ કે, હાલોલના ખેડુતોને પુરા આઠ કલાક વીજળી નહિ માંડ છ કલાક જ મળે છે. તેમાં પણ સવારમાં વીજ પુરવઠો આપવાનો હોય ત્યારે ઘણા દિવસ મેન્ટેનર્સનુ કામ કરતા હોય છે. જેને લઈ ખેતરમાં પાણી વાળવા માટે મજુરને લાવીએ છીએ અને વીજ કંપની દ્વારા રિપેરીંગનુ કામ કરતા હોવાથી તેને બેસાડી રાખવા પડતા હોય છે. ફોન કરીને જાણ કરીએ છીએ ત્યારે જણાવાય છે કે, રિપેરીંગ કામ ચાલુ છે. થોડીક્વારમાં લાઈટ આવી જશે પરંતુ મજુરને છુટવાનો ટાઈમ થઈ જાય ત્યાં સુધી લાઈટ આવતુ નથી. જેની મજુરોને વગર કામે મજુરી ચુકવવી પડે છે. જેથી ઓ છે કે જ્યારે રાતે લાઈટ આપવાનો વારો હોય ત્યારે સવારે રિપેરીંગ કામ કરે જેથી ખેડુતોને તકલીફ ન પડે તો અને આઠ કલાક પુરતો વીજ પુરવઠો મળે.વીજ પુરવઠો પુરતા પ્રમાણમાં મળતો ન હોવાથી ખેતીને ભારે નુકસાન થાય છે.

# પંચમહાલ જીલ્લામાં આરોગ્ય કર્મચારીઓને કોવિડ-૧૯ વેકસીનેશનની તાલીમ અપાઈ



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, જીલ્લા પંચાયત પંચમહાલ ગોધરા હસ્તક ફરજ બજાવતા તમામ કર્મચારીઓ જેવાં કે ફિમેલ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, મલ્ટી પરપઝ હેલ્થ સુપરવાઈઝર કે જેઓ જુદા જુદા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને અર્બન હેલ્થ સેન્ટરમાં આગામી દિવસોમાં કોવિડ-૧૯ની વેકસીનેશન કામગીરી કરનાર છે. તે તમામને કલેકટર પંચમહાલ ગોધરા અને જીલ્લા વિકાસ અધિકારી પંચમહાલ ગોધરાના માર્ગદર્શન હેઠળ અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી પંચમહાલ ગોધરાના ઘનિષ્ઠ સુપરવિઝન અને નિરીક્ષણ હેઠળ તા.૨૮/૧૨/૨૦૨૦ અને ૨૯/૧૨/૨૦૨૦ના રોજ તાલીમ આપવામાં આવી.

તાલીમમાં હાલના તબક્કે કોવિડ-૧૯ રસીકરણની પ્રાથમિક તૈયારીઓ, સ્થળ પસંદગી, જરૂરી સાધન સામગ્રીની જરૂરીયાત, રસીકરણ જાળવણી માટેના સાધનો અને એ માટે અન્ય સામગ્રીની તૈયારીઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# કાલોલના ઘુસર પંચાયતમાં આવેલ વલ્લભપુરી ગામે લગ્નમાં સોશિલય ડિસ્ટન્સ ન જળવાતા જાહેરનામાં ભંગમાં ફરિયાદ

કાલોલ, કાલોલ તાલુકાના ઘુસર ગ્રામ પંચાયતમાં આવેલા વલ્લભપુરી ગામમાં ગામના ભુવનભાઈ કુલજીભાઈ રાઠવાના છોકરા રાજુ ભાઈ રાઠવાનો લગ્ન પ્રસંગ હોવાથી કુલજીભાઈ રાઠવાએ કોરોના મહામારીને ધ્યાનમાં રાખી લગ્નપ્રસંગની ઓનલાઈન પરમિશન પણ લીધી હતી. જેથી પરમિશનને અનુસંધાને વેજલપુર પોલીસે લગ્નપ્રસંગની મુલાકાત કરતા બપોરના ચાલી રહેલા જમણવારમાં પરમિશન મુજબ ૫૦ જેટલા લોકોની છુટછાટને સ્થાને ૧૦૦/૧૫૦ મહેમાનોને ભેગા કરીને માસ્ક કે સોશિયલ ડિસ્ટન્સની પરવા કર્યા વિના જોવા મળતા એક તબક્કે જમણવારમાં પોલીસ આવી પહોંચતા ભેગા થયેલા મહેમાનો અને ગામલોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. તદ્ઉપરાંત લગ્ન પ્રસંગ ઉજવનાર મુખ્ય યજમાન ભુવનભાઈ કુલજીભાઈ રાઠવા પણ ફરાર થઈ ગયા હતા. જેથી વેજલપુર પોલીસે ભુવનભાઈ કુલજીભાઈ રાઠવા સામે તેમના ઘરે લગ્ન પ્રસંગે પરમિશન મેળવી પરમિશન અને જાહેરનામાંનો ભંગ મુજબનો ગુનો નોંધ્યો હતો.



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં લઈને પંચમહાલ જિલ્લા એન.એસ.યુ. આઈ દ્વારા આજ રોજ કારોબારીની મીટીંગ પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં પંચમહાલ જિલ્લા એન. એસ. યુ. આઈના પ્રમુખ વિશાલ જાદવ, રફીક તિજોરીવાળા, આબીદ શૈખ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


Assure Cab
Never miss a flight
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.
CALL OR WHATSAPP 7490866866
Travel One Way Pay One Way
ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?
GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ડી.પી. બારીઆ
મુ. ઢીંકવા, તા. હાલોલ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વી. સી. મકવાણા
મુ. કસ્બા ટેકરા, તા. હાલોલ


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 109